ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૧૯/૦૧/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
............................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સ્ટીમ એન્જીનના શોધક જેમ્સ વોટની ૨૮૦મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમીક અને માધ્યમિકશાળાઓ, કોલેજો તેમજ મહીલા મંડળોમાં વૈજ્ઞાનિક જાગૃતિ આવે તેવા આશયથી વિવિધ કાર્યક્રમો અને વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

જેના અનુસંધાને ૧૯ જાન્યુઆરી, ૨૦૧૬ના દિવસે **સ્ટીમ એન્જીનના શોધક જેમ્સ વોટ**ની ૨૮૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે ભાવનગર શહેરની વિવિધ શાળાઓના વિધાર્થીઓને ભાવનગર પરા ખાતે આવેલા નવા રેલ્વે વર્કશોપની મુલાકાત કરાવવામાં આવી હતી.

આ મુલાકાત દરમ્યાન બેઝીક ટ્રેનીગ સેન્ટરના ઇન્ચાર્જ શ્રી વિરલભાઈ પંડયાએ વિધાર્થીઓને રેલ્વે વર્કશોપ વિશે વિસ્તૃત અને સરળ માહીતી આપી હતી. જેમા જણાવતા ભાવનગર પરા ખાતે આવેલા રેલ્વે વર્કશોપ ભારતીય રેલ્વેમાંના ૬૪ વર્કશોપમાં આગવુ સ્થાન ધરાવે છે. આગળ સમજાવતા ટ્રેનના કોચની બોડીથી લઈને બોગી સુધીની બનાવટ, કોચ વોશીંગ લાઈન, ઈમરજન્સી બ્રેક ફેસીલીટી તેમજ વર્કશોપના કામમાં રખાતી સાવચેતીઓ વગેરેની માહીતી આપી હતી.

આ રેલ્વે વર્કશોપની ૧૦૯ વિધાર્થીઓ અને ૬ શિક્ષકો એમ કુલ મળીને ૧૧૫ વ્યકિતઓ એ ઉત્સાહપુર્વક મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન ચિફ વર્કશોપ મેનેજર (CWM) શ્રી વિજય વર્ગીય તેમજ ઉપસ્થીત સ્ટાફે પુરતો સહકાર આપેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.